હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના પિતાજીને કાંઇ તકલીફ નહતી. એ બહુ જીદ્દી તો હતાજ... અમને કાળીનો રાજા અને ચરકટની તીડીમાં છેક સુધી શો ન કરાવ્યું...!!

જે.એમ. ચૌધરી શાળામાં વેશભૂષા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

જે.એમ. ચૌધરી સાર્વ. પ્રાથમિક શાળામાં ૭પમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે ધો. ૧ થી પમાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ રાણી લક્ષ્મીબાઈ, મધર ટેરેસા, ઈન્દિરા ગાંધી, ભારતમાતા, સરદાર વલ્લભભાઈ પટેલ, ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ જેવા નેતાઓની વેશભૂષા ભજવી હતી અને તેમનો જીવન પરિચય અને સૂત્રો પણ આપ્યા હતા. સ્ટાફમિત્રો તથા આચાર્ય દ્વારા સંપૂર્ણ કાર્યક્રમમાં સાથ સહકાર આપવામાં આવ્યો હતો. વેશભૂષાયુક્ત બાળકો સાથે ધ્વજ રેલી પણ કાઢવામાં આવી હતી.

ગાંધીનગર, તા. ૮

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ચિલોડા આયોજિત કેપિટલ નર્સિંગ કોલેજ હોલમાં બી.એસ.સી. અને જી.એન.એમ. નર્સિંગના વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટીંગ અને શપથગ્રહણ વિધિ સમારોહ અનોખી રીતે ઉજવાયો હતો. આ શપથગ્રહણ સમારોહના મુખ્ય મહેમાન ડૉ. પ્રજ્ઞાબેન ડાભી ગુજરાત નર્સીંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર, મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલ, ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ, નટુભાઈ પટેલ પત્રકાર, સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર સઈદા કોવાડિયા, સંસ્થાના પ્રિન્સિપાલ માર્સનીલ ક્રિશ્ચિયન, અન્ય સંસ્થાના પ્રિન્સિપાલ સુનિલ રાવલ, જલ્પા રાવલ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ માર્શનીલ ક્રિશ્ચિયન દ્વારા કરવામાં આવ્યું હતું. આ નર્સિંગ કોલેજના તમામ વિદ્યાર્થીઓને સેવા એજ ધર્મના ઉમદા કાર્યને ગૌરવપૂર્ણ રીતે ઉન્નતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

ગૂજરાત વિદ્યાપીઠ સાદરા સંકુલમાં ખંભાતી કૂવા બનાવ્યા જેની સાફ સફાઈ કન્યા છાત્રોએ કરી

ગાંધીનગર, તા. ૮

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં અને ગૂજરાત વિદ્યાપીઠના સાત ગ્રામ સેવા કેન્દ્રો જેવાં કે સાદરા, રાંધેજા, દેથલી, ભલાડા, ભારેલ, બોચાસણ અને અંભેટીમાં ખંભાતી કૂવા બનાવવામાં આવ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીના રચનાત્મક વિચારોએ આ ખંભાતી કૂવાનું નિર્માણ કરાયું જેમાં તેમના સતત માર્ગદર્શન દ્વારા વરસાદનું પડેલું એક પણ ટીંપુ વહી ના જાય અને ધોધમાર વરસતા વરસાદનું પાણી આ ખંભાતી કૂવામાં જાય - જમીનના પેટાળમાં સંગ્રહ થાય અને વળી પાછું તે પાણી માનવજાત અને વૃક્ષોને મદદરૂપ થાય. સંકુલ સાદરાના કન્યા છાત્રાલય આગળ બનાવેલા ખંભાતી કૂવાની સફાઈ અને યોગ્ય જાળવણી કરવા માટે સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના આયોજન થકી ગૃહમાતા વસંતી પરમારની ગોઠવણી મુજબે કન્યા છાત્રાઓ ખંભાતી કૂવાની સફાઈ અને મરામત કરી રહી છે. આવા ખંભાતી કૂવા શાળા મહાશાળા અને યુનિવર્સિટી કેમ્પસમાં બનાવવાની પ્રેરણા મળે અને ખંભાતી કૂવા બનાવે તેવો ઉમદા પ્રયાસ ગૂજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીનો રહ્યો છે.

શ્રાવણ માસ નિમિત્તે ચિલોડા હાઈસ્કૂલના બાળકોને તિથિભોજન પીરસવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૭

શ્રાવણ માસમાં શિવભક્તો મહદેવ મંદિરોમાં જળ-દૂધ-બીલીપત્રો દ્વારા પૂજા-અર્ચના કરી ભક્તિનો માહોલ સાથે ઓમ નમો શિવાયના મંત્રોથી શિવાલયોમાં ભક્તો દર્શનાર્થીઓ શિવમય બની રહ્યા છે. ત્યારે ચિલોડા હાઈસ્કૂલમાં એક કર્મચારી દ્વારા શ્રાવણમાસની ઉજવણીરૂપે સ્વામીનારાયણ ગુરૂકૂળના પ્રાથમિક વિભાગ અને હાઈસ્કૂલનો માધ્યમિક અને ઉચ્ચ. મા. વિભાગના બાળકોને તિથિભોજન રૂપે ભોજન પીરસી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના અગ્રણી જયમીનભાઈ પટેલ, ટ્રસ્ટી રામભાઈ પટેલ, ટ્રસ્ટી શાંમળભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર, શાળાનો સમગ્ર સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા.

કોબા રાજધાની હોટલ પાસેથી ૧૮ ફુટ લાંબી રૂ.૧૦ લાખની પાઈપો ચોરનાર શખ્સ ઝડપાયો

આઈશરમાં ચોરીની પાઈપો અમદાવાદમાં વેચી મારે તે પહેલા જ શખ્સને પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ટીપી ૧,૨, અને ૩ માં કોબા વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેને પગલે ખાનગી એજન્સી દ્વારા રૂ.૧૦ લાખથી વધુની ૧૮ ફુટ લાંબી ૧૬૪ ડકટાઈનની પાઈપ કોબા રાજધાની હોટલ નજીક મુકવામાં આવી હતી. ત્યારે પાણીની પાઈપોની ચોરી થતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વિવિધ ટીમો બનાવી તે દિશામાં કામગીરી હાથ ધરી હતી.ત્યારે પોલીસે ગણતરીના કલાકોમાં જ સીસીટીવી ફુટેજ ચેક કરતા શંકાસ્પદ આઈશર ટ્રક જણાઈ હતી. જેથી પોલીસે



ગણતરીના સમયમાં આઈસર ચાલક યુવકને અમદાવાદથી દબોચી લઈ તમામ મુદ્દામાલ રીકવર કરી પાઈપ ચોરીનો ભેદ ઉકેલી દીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોબા પાસે રાજધાની હોટલ નજીક સર્વિસ માર્ગ પાસે ૧૮ ફુટ લાંબી ૧૬૪ ડકટાઈનની પાણીની લાઈન નાંખવા માટેની પાઈપ મુકવામાં આવી હતી. ત્યારે એજન્સીના એન્જીનિયર રવિન્દ્ર યાદવે ફોન કરીને પ્રવિણભાઈને કોબા પાસે મુકેલી પાણીની પાઈપોની ચોરી થયાની જાણ કરી હતી. જે અન્વયે એજન્સીના પ્રવિણભાઈ રૂ.૧૦ લાખથી વધુની ડકટાઈનની પાઈપોની ચોરી થતા ગાંધીનગર દોડી આવ્યા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પી.આઈ.વી.ડી.રાઠોડ દ્વારા વિવિધ ટીમો બનાવી સીસીટીવી ફુટેજ મેળવી ચેક કરી તપાસ આરંભી હતી. ત્યારે સીસીટીવી ફુટેજમાં એક શકમંદ આઈશર ટ્રક જણાઈ હતી. પોલીસે શકમંદ આઈસર ટ્રક ચાલકની પુછપરછ કરતા તેણે પોતાનું નામ મિતુલ અશોકભાઈ ડાયાણી (રહે. ગોપીનાથ હાઈટ્સ, નિકોલ મુળ અમરેલી), હોવાની કબુલાત કરી હતી. યુવક પાસેથી ચોરી થયેલી ૧૬૪ પાઈપ પણ પોલીસે રીકવર કરી હતી. ઈન્ફોસીટી પોલીસ મથકના કર્મચારીઓએ પીઆઈ વી.જી.રાઠોડના માર્ગદર્શન હેઠળ ગણતરીના સમયમાં પાઈપ ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

સિવિલમાં વાઈરલ ફીવરના દર્દીઓ વધતા નવા વોર્ડ ઉભા કરાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીસીન ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. ગાંધીનગર શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. ખાનગી દવાખાનામાં પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. પાટનગરમાં વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યા રોજ વધતી જાય છે. સિવિલમાં તાવ, શરદી અને ખાંસીના દર્દીઓને કોરોના ટેસ્ટ પણ કરાવવો પડે છે. જયારે દર્દીઓની સંખ્યા નોંધનીય સંખ્યામાં વધતા ૬ થી ૮ માળ સુધી મેડીસીન વોર્ડ ખોલવામાં આવ્યા છે. મળતી વિગત મુજબ રાજયના પાટનગરના નાગરીકોમાં કોરોનાનો ભય હજુ ઓછો થયો નથી. હાલના સમયે ગાંધીનગરમાં વાઈરલ ફીવરના દર્દીઓ મોટીસંખ્યામાં જોવા મળી રહ્યા છે. શહેરી વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાને પગલે મચ્છરોનો ત્રાસ ખુબ જ વધી જવા પામ્યો છે. શરદી, ઉધરસ અને તાવના દર્દીઓ સૌથી વધુ છે. જયારે હાલના સમયે તાવ ન ઉતરતા નાગરીકો મેલેરીયા, ટાઈફોઈડ અને ડેન્ગ્યુના ટેસ્ટ પણ કરાવી રહ્યા છે. શહેરમાં દરેક ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. નગરના ખાનગી દવાખાના અને હોસ્પિટલમાં પણ વાઈરલ ફીવરના દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. દર્દીઓના ધસારાને પગલે મોડીરાત સુધી દવાખાના ધમધમતા હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મેડીસીન ઓપીડી વિભાગમાં પણ દર્દીઓ મોટીસંખ્યામાં હોય છે. મેડીસીન ઓપીડી સવારથી બપોર સુધી ચાલુ હોય છે. ગાંધીનગરમાં કોરોના દર્દીઓ પણ સામે આવી રહ્યા છે.ત્યારે પાટનગરની ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૮ મા માળે આવેલો મેડીસીન વોર્ડ દર્દીઓથી ઉભરાઈ જતા ૬ અને ૭ મા માળે નવા વોર્ડ શરુ કરવામાં આવ્યા છે. ૬૦૪ અને ૭૦૩ માં પણ દર્દીઓ મોટીમાત્રામાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે સિવિલની કેસ બારી અને દવાબારી પર પણ દવા લેવા માટે લાંબી લાઈનો લાગે છે. ઉલ્લેખનીય છે કે સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગમાં પાંચમા માળે કોરોના વોર્ડમાં પણ દર્દીઓની સંખ્યા નોંધનીય છે. ત્યારે શહેરમાં સ્વાઈન ફ્લુ એ દસ્તક દેતા નાગરીકો ચિંતિત નજરે પડી રહ્યા છે.

ચા ની કીટલી પાસે ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ આર વર્લ્ડ ની સામે સેકટર-૨૦ તરફ જવાના માર્ગ પર મહારાજની ચા ની કીટલી પાસે શખ્સ હાલમાં ચાલી રહેલી બાંગ્લાદેશ-ઝીમ્બાવે વચ્ચે ઈન્ટરનેશનલ વન-ડે ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોન થી આઈ.ડી ઉપર ક્રિકેટ મેચ પર હારજીતનો સટ્ટો રમાડે છે. બાતમીને પગલે પોલીસે રેઈડ પાડી મનુભાઈ ઈશ્વરભાઈ નાયી (ઉં.૫૦, રહે. પ્લોટ નં.૬૪-૧ સેકટર-૩ એ) પોતાના મોબાઈલ ફોન થી રાધે એકસચેન્જ નામના આઈડી પર બાગ્લાદેશ-ઝીમ્બાવે વચ્ચે ચાલી રહેલી ક્રિકેટ મેચ પર અને છેલ્લા અઠવાડીયામાં રમાયેલી વિવિધ મેચ પર સટ્ટા બેટીંગના અલગ અલગ સોદા કરી હારજીતનો જુગાર રમાડતો શખ્સને પોલીસે પકડી પાડી રોકડ રૂ.૧૦,૨૦૦ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૨,૭૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

૧૨ - સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા તિરંગા વિતરણ અને ઝંડા સરઘસ

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન હેઠળ ૨૨૦ ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખ જશવંત ગાંધીની આગેવાની હેઠળ તિરંગા રેલી નીકળી હતી. જેમાં નગરસેવકો મહેન્દ્રભાઈ પટેલ, તેજલબેન નાયી, મીરાંબેન પટેલ તેમજ નારાયણભાઈ મોદી, બી.એન. વાસ્તવ, ગણેશભાઈ પટેલ, ભદ્રેશભાઈ શાહ, અમૃતભાઈ પટેલ, પ્રસાદ પ્રભાકર, પ્રો. એ.કે. બીલખીયા, વિશાલ ઠાકોર, બીનાબેન દેસાઈ, હંસાબેન ક્રિશ્ચિયન, ભાવનાબેન સગર, સાધનાબેન રાવત, અજયભાઈ ગાંધી, ઓમ પટેલ તેમજ ક્રિકેટ ક્લબના ખેલાડીઓએ જોડાઈને દેશભક્તિનાં ગીતો અને સૂત્રોથી સેક્ટરને ગજવીને દેશભક્તિનું વાતાવરણ ખડું કર્યું હતું.

તંત્રની નિષ્ફળતા જાણે તંત્ર ને ખાઈ ગઈ હોય તેમ લાગે છે ઘોર નિંદ્રામાં પોઢી રહેલા ગાંધીનગર મ્યુન્સિપલ કોર્પોરેશને જ્યારથી ૨૪ કલાક પાણી ની વાત કરી છે ત્યારથી ગાંધીનગરમાં કંઈક ને કંઈક થઈ રહ્યું છે સેક્ટર : ૨૭ ,ખઃ૭ ચોકડી પર જ્યારથી પાણીની પાઈપ લાઈન નાખી ને ગયા છે ત્યારથી આજ દિન સુધી આ જગ્યા પર થી અવિરત પાણી નો પ્રવાહ ચાલુ જ છે રોજનું કેટલુંય પાણી બરબાદ થઈ રહ્યું છે પણ જ્યાં સુધી આપણે જાગૃત નાગરિકો કહીને જણાવીને કહીએ નહી ત્યાં સુધી કોઈ આવે નહીં, ચાલો આ બધું તો ચાલ્યા જ કરવાનું જાગૃત નાગરિક છીએ એટલે આપડી ફરજ બજાવતા રહીશું અને તંત્ર એમની ફરજ ક્યારે બજાવે છે તે જોવાનું રહ્યું.

મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ ખાતે સાપ્તાહિક પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૮

મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સે. ૨૮, ગાંધીનગર ખાતે ડીરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા મંજૂર અને ગુજકોસ્ટ પ્રાયોજિત ઈન્ડસ્ટ્રીયલ એનડીટી ફોર વેલ્ડિંગ એન્ડ ગાસ્ટીંગ એસટીટીપી તાલીમ કાર્યક્રમ કોવીડ મહામારી બાદ પ્રથમવાર પ્રત્યક્ષ રીતે તા. ૧ થી ૫ ઓગષ્ટ, ૨૦૨૨ દરમ્યાન યોજાયો હતો. આ પ્રોગ્રામમાં એનડીટીની વિવિધ ટેકનિકોનું વિષયોનું તજજ્ઞો દ્વારા વિશ્લેષણ અને માર્ગદર્શન આપવામાં આવેલ હતુ અને તેમાં થિયરી તેમજ પ્રેક્ટીકલના સત્રો રાખવામાં આવ્યા હતા. ઉપરોક્ત સાપ્તાહિક પ્રોગ્રામ હેઠળ ગુજરાતની વિવિધ ઈજનેરી વિદ્યાશાખાના અધ્યાપકો એનડીટી કૌશલ્યના વિકાસ અર્થે જોડાયા હતા. કાર્યક્રમના અંતિમ દિવસે સમાપન સમારંભ મુખ્ય અતિથિ તરીકે નિયામક, ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર, જી.ડી. પંડ્યા, અતિથિ વિશેષ તરીકે ડૉ. જી.એચ. ઉપાધ્યાય, આચાર્ય, નવસારી, સંસ્થાના આચાર્ય ડૉ. એસ. પી. દવે, મેટલજી વિભાગના વડા ડૉ. આઈ.બી. દવેની

ઉપસ્થિતિમાં યોજાયો હતો. મુખ્ય અતિથિએ સરકારની વિવિધ યોજનાઓ અને આ પ્રકારના કાર્યક્રમનો વધુમાં વધુ લાભ લેવા જણાવ્યુ હતુ. અતિથિ વિશેષે વર્તમાન સમયમાં ઔદ્યોગિક ગૃહોના એનડીટીની પ્રક્રિયાઓની વિસ્તારથી માહિતી આપી હતી અને મેટલજી વિભાગની પ્રવૃત્તિઓના વખાણ કરેલ હતા. સંસ્થાના આચાર્યએ નિયામકને સરકારની યોજનાઓનો સંસ્થા દ્વારા મહત્તમ લાભ લેવાશે તે માટે બાંહધરી આપી હતી. ડૉ. આઈ.બી. દવેએ બધાજ તાલીમાર્થીઓને વિભાગ ખાતેના સીઓક્યુ સેન્ટરનો તેમના તથા તેમના વિદ્યાર્થીઓના પ્રોજેક્ટમાં મહત્તમ લાભ લેવા આમંત્રણ આપ્યુ હતુ.

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સહભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર, તા. ૮

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૫-૮-૨૨ને શુક્રવારના રોજ ધો. ૨ની વિદ્યાર્થીની બહેનોને ઈતર પ્રવૃત્તિના ભાગરૂપે કાગળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિનું આયોજન ધો. ૨ ના વર્ગ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યુ હતુ. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે તમામ ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

આર.સી. પટેલ સ્કૂલમાં રાખડી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

આ સ્પર્ધામાં ધોરણ-૯ અને ૧૧ના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં માધ્યમિક વિભાગમાં બારીયા યશશ્વિની કે. પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. પ્રજાપતિ પ્રીત કે. દ્વિતિય નંબર તથા ગમારા રાધિકા ડી. તૃતીય નંબર પ્રાપ્ત કર્યો જ્યારે ઉચ્ચ માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે પટેલ વિશ્વા આર., દ્વિતીય નંબરે પોકાટ લજ્જા એન. અને તૃતીય નંબરે પટેલ મંથન આરે પ્રાપ્ત કર્યો હતો. આ સમગ્ર સ્પર્ધામાં પટેલ દક્ષાબેન નિર્ણાયક તરીકેફરજ બજાવી હતી અને સમગ્ર કાર્યક્રમનું આયોજન હેતલબેન મોદીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

સરકારી વિનયન કોલેજ ખાતે કારગીલ વિજય દિવની ઉજવણી

સરકારી વિનયન કોલેજ ગાંધીનગર ખાતે 'કારગીલ વિજય દિવસ — શ્રદ્ધાંજલિ કાર્યક્રમતાજેતમાં સરકારી વિનયન કોલેજ ગાંધીનગર ખાતે એન.સી.સી. ગર્લ્સ યુનિટ દ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના એક કાર્યક્રમનું આયોજનકરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સર્વે વિદ્યાર્થીઓ, આચાર્યશ્રી તથા અધ્યાપકોએ કારગીલ યુદ્ધના શહીદોને પુષ્પો વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરીને ભારતીય સેના પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. . આ કાર્યક્રમઅંતર્ગત ક્વીઝ, ગીત, વક્તવ્ય, પોસ્ટર ડિસ્પ્લે, જેવી વિવિધ રસપ્રદ પ્રસ્તુતિઓ એન.સી.સી. ગર્લ્સકેડેટ્સ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે એન.સી.સી. એ.એન.ઓ. લેફ્ટનન્ટ ડૉ. માધવી ઉપાધ્યાયેવિદ્યાર્થીઓને ભારતીય સેનાએ કેવા અદ્વિતીય પરાક્રમ વડે કારગિલ યુદ્ધ જીત્યું તે સમજાવ્યું હતું, તેમ જ આચાર્યશ્રી ડૉ. અનૂપા ચૌહાણે કારગિલ યુદ્ધના સૈનિકો પાસેથી પ્રેરણા લઈ પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરીએ તે જ સાચો રાષ્ટ્રપ્રેમ તેમ જણાવ્યું હતું.

ખૂણેખાંચરેથી

- સરકારી કચેરીઓમાં રજાનો માહોલ હાવી થઈ રહ્યો છે અને આજે બપોર પછી ઘણી કચેરીઓમાંથી કર્મચારીઓએ ગુલ્લી પણ મારી હોવાનું જણાયુ હતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે કર્મચારીઓની હાજરી માટે ફેસ રીડર લગાવવામાં આવ્યુ છે.
- ગાંધીનગરની સબ રજીસ્ટ્રાર કચેરીમાં એસીબીના સર્ચ ઓપરેશન પછી આજે જિલ્લાની વિવિધ કચેરીઓમાં સન્નાટો જોવા મળતો હતો.
- ગાંધીનગર મનપાએ આજે ઘ-૪ના અન્ડરબ્રીજમાંથી બે ટ્રેક્ટરથી પણ વધુ કચરાનો નિકાલ કર્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે સોમવાર અને એકાદશીનો સંયોગ હોવાથી ફરાળની વાનગીઓની ઘરાકી જામી હતી.
- બે વર્ષથી દહેગામ-રખિયાલ વચ્ચેબની રહેલ ફોર લેન હાઈવેની મંથરગતિના કામથી વાહનચાલકો પરેશાન થઈ ગયા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૭૧૨ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૯૮૧ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- મોંઘવારી ભથ્થા અંગે ફેડરેશનની રજુઆત પછી વિવિધ કર્મચારી સંગઠ્નો પણ સક્રિય થયા છે.
- સે. ૭ સ્થિત જે.એમ. ચૌધરી પ્રા. શાળામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરાયુ હતું.
- સરસ્વતી વિદ્યાલય સે. ૬ ખાતે કલા મહોત્સવને લઈ ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું હતું.
- જેઈઈ મેઈન્સ ફેઝ-૨નું પરિણામ જાહેર થયું છે.

લીંબોદરા કુમાર શાળામાં કલસ્ટર કક્ષાએ કલાઉત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા નિમિત્તે જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ગાંધીનગર આયોજિત સી.આર.સી. લીંબોદરાનો કલા ઉત્સવ તા. ૫-૮-૨૨ લીંબોદરા કુમાર શાળા ખાતે યોજાયો હતો. જેમાં કલા ઉત્સવના જુદા જુદા વિભાગો જેવા કે બાલકવિ, સંગીત ગાયન, સંગીત વાદન અને ચિત્ર સ્પર્ધામાં ૫૨ જુદી જુદી શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનામાં રહેલ ઉત્તમ કલાકારના દર્શન કરાવ્યા હતા. લીંબોદરા સી.આર.સી. કો.ઓ. પટેલ રાજુભાઈ તેમજ પે સેન્ટર આચાર્ય જશવંતસિંહ ભાટી તેમજ અન્ય શાળામાંથી પધારેલા શિક્ષકો મારફતે દરેક વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ બાળકોને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બ્લોક કક્ષાના કલા ઉત્સવમાં પણ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૮

આદિવાસી સમાજના ઉત્થાન અને તેમની સંસ્કૃતિ અને સન્માન બચાવવા ઉપરાંત આદિવાસીઓને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૯ ઓગસ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી. આ પ્રદર્શનમાં આદિવાસી સમાજ પર

લખાયેલા પુસ્તકો આદિવાસીઓના પ્રશ્નો, ગુજરાતની આદિવાસી ચળવળોનો ઈતિહાસ, આદિવાસી જાણે છે અને બિરસા મુંડા વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના કુલ ૨૫ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ વિદ્યાર્થી અને અધ્યાપક મિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, દિશા દવે, અને જતીન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.